+91 98247 15578

# DIVINE HOSTEL & PG

Smart Stays, Bright Futures

**એડમીશન લેતા પહેલા અને એડમીશન લીધા બાદ ધ્યાનમાં રાખવા જેવી બાબતો જેની આપ ખાસ નોંધ લેશો.**

**નીચે આપેલ તમામ નિયમો તમારા સારા ભવિષ્ય માટે છે. અને સુચનાઓ અમારી સંસ્થાનું સારૂ નામ જળવાઈ રહે એના માટે છે.**

## ★ પહેલા આપ હોસ્ટેલની એડવાન્સ બુકિંગ પ્રકિયા સમજી લો:

૧. તમે જયારે હોસ્ટેલ જોવા આવો અથવા ફોનકોલ દ્વારા વાત કરો અને એ સમય દરમ્યાન હોસ્ટેલમાં જગ્યા ખાલી છે. અને તમે એડમિશન ત્યારથી લેવા માંગો છો તો એડમિશન તારીખ ત્યારથી જ ગણાશે. અને આપને ત્યારથી જ રહેવાનું થશે તો હોસ્ટેલ ફી ડિપોઝીટ અને એક -> પાસપોર્ટ સાઈઝનો ફોટો -> એક આધારકાર્ડ ની ઝેરોક્ષ આપી હોસ્ટેલ ફોર્મ ભરી અને ફી રસીદ મેળવવાની રહેશે. અને આપ એ સમયે ખાલી એડમિશન બુક કરાવો છો તો તે સમયે ૨૦૦૦ ડિપોઝીટ જમા કરાવવાની રહેશે અને તે દિવસથી એડમિશન તારીખ ગણાશે. અને બુકિગ કર્યા ના ૩ દિવસમાં તમારે હોસ્ટેલમાં હાજર થવાનુ છે. જો આપ ૩ દિવસમાં હાજર ના થઇ શકો તો પુરી ફી જમા કરી દેવાની રહેશે નહિતર તમારૂ એડમિશન કેન્સલ થઇ જશે અને ૨૦૦૦ ડિપોઝીટ પાછી આપવામાં નહી આવે.

૨. આવી જ રીતે તમે જયારે હોસ્ટેલ જોવા આવો અથવા ફોનકોલ દ્વારા વાત કરો પણ એ સમય દરમ્યાન હોસ્ટેલમાં જગ્યા ખાલી નથી અને હોસ્ટેલ તરફથી તમને કોઇ તારીખ આપવામાં આવે અને તમે એ તારીખનું બુકિંગ કરાવો તો તમારી એડમિશન તારીખ એજ ગણાશે જે તારીખે જગ્યા ખાલી થવાની છે એમા પણ નિયમો ૧ માં છે તેજ ૨ માં લાગુ પડશે જેની આપ નોંધ લેશો(તમારે ૧ અને ૨ મા બુકિંગ થયા બાદ ડિપોઝીટ રિફંડ નથી.)

## ★ એડમિશન પ્રોસેસ પુરી થઈ ગયા પછી એડમિશન કેન્સલ થશે તો નીચેના નિયમો લાગુ થશે.

૩. ફોર્મ ચાર્જ ૫૦૦ અને ફી રસીદ ચાર્જ ૨૫૦ ફી માંથી કાપવામાં આવશે.

૪. એક દિવસના ૫૦૦ લેખે હિસાબ કરી જેટલા દિવસ રહ્યા હોઇ એટલા દિવસના પૈસા ફી માથી કાપી બાકીની ફી પરત કરવામાં આવશે

૫. ડિપોઝીટ પાછી આપવામાં આવશે નહિ.

૬. ડિપોઝીટ પાછી મેળવવા માટે હોસ્ટેલમાં પ્રથમ મહીને ૧૫ દિવસ અગાઉ અને પછીના મહીનામાં ૧૦ દિવસ અગાઉ જાણ કરવાની રહેશે.

૭. કોઇ વિદ્યાર્થીને હોસ્ટેલમાં પુરા મહીનાની ફી ના ભરવી અને દિવસ પ્રમાણે રહેવું હોય તો એક દિવસના ૪૦૦+૨૦૦૦ ડિપોઝીટ ભરવાની રહેશે.(ડિપોઝીટ રીફંડ રહેશે)

૮. કોઇ વિદ્યાર્થીને હોસ્ટેલમાં રેગ્યુલર રહેતો હોઇ અને અમુક સમય પછી જો એને દિવસ પ્રમાણે રહેવું હોય તો એમના એક દિવસના ૩૦૦ રૂપીયા લેવામા આવશે. પણ હા એને પુરી ફી નથી ભરવી અને દિવસ પ્રમાણે રેહવુ છે એ માહિતી એને હોસ્ટેલ ને ૧૦ દિવસ અગાઉ આપવાની રહેશે.

## ★ હોસ્ટેલમા એડમિશન લઈ લીધા પછી ધ્યાનમાં રાખવા જેવી બાબતો:

૯. તમારી હોસ્ટેલ ફી ભરવાની તારીખ તમે જે તારીખ એડમિશન ફોર્મમાં લખી છે એ તારીખ ગણાશે. એટલે તમારે દર મહીને એજ તારીખે ફી જમા કરાવવાની રહેશે.

લેટ ફી ના નીયમો દા.ત. તમારી ફી ભરવાની તારીખ ૧ છે અને તમે ૨ તારીખે ફી ભરવા આવો તો જે ફી રકમ છે એની સાથે ૨૦૦ રૂપીયા એક્સ્ટ્રા, અથવા તમે ૩ તારીખે ફી ભરવા આવો તો ફી+ પેન્લટી ડબલ એટલે કે ૪૦૦ થઇ જશે. એટલે ત્રીજા દિજસે તમારે ૬૦૦ પેન્લટી+ફી જમા કરવાની રહેશે. અને જો તમે તમારી ફી ની તારીખ પછી પણ ૩ દિવસની અંદર કોઇ રકમ જમા નથી કરી તો તમારૂ એડમિશન કેન્સલ કરવામાં આવશે અને તમને તમારી ડિપોઝિટ પણ પાછી આપવામાં નહી આવે. જેની આપે ખાસ નોંધ લેવી.

૧૦. ફી ભરેલ તમામ પહોંચ ઓફીસમાંથી મેળવી લેવી. તમામ પહોંચ સાચવીને રાખવી એ જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

૧૧. જ્યારે હોસ્ટેલ ખાલી કરશો (એડમિશન કેન્સલ કરશો) ત્યારે તમામ ફી રસીદ જમા કરાવવાની રહેશે. જો કોઈપણ મહિનાની ફી રસીદ નહીં હોય તો ડિપોઝીટ પરત નહી થાય. જેની આપ ખાસ નોધ લેશો.

૧૨. હોસ્ટેલમાં ભણવા, રહેવા કે જમવામાં કોઈ તકલીફ પડે તો હોસ્ટેલ સંચાલક ને તાત્કાલિક જાણ કરવી.

૧૩. હોસ્ટેલની અંદર કોઈપણ પ્રકારના ધ્રુમપાન કે નશીલા પદાર્થો સેવન કરવા નહી જો આવુ કૃત્ય કરતા પકડાઇ જશો તો ૫૦૦ રૂપીયા દંડ વસુલ કરવામાં આવશે અને નહી આપો તો ડિપોઝિટ માંથી કાપી લેવામાં આવશે.

૧૪. આપ જયાં સુધી હોસ્ટેલની અંદર છો ત્યાં સુધી આપ આપનો મોબાઈલ ફોન **Silent** અથવા **Vibration** મોડ પર જ રાખશો.

૧૫. જો ફોન પર વાત કરવી હોય તો રૂમની બહાર અથવા હોસ્ટેલના કંપાઉન્ડમાં જઈ વાત કરવી જેથી બાકીના વિદ્યાર્થીઓ ને ભણવામાં અડચણ ઊભી ના થાય.

૧૬. તમારે મોબાઇલ ફોનમાં કોઈપણ પ્રકારનાં વિડીયો કે ઓડિયો સાંભળવા હોય તો **Earphone** નો ઉપયોગ કરવો.

૧૭. ઓફીસ એરીયામાં ફોન પર વાત કરતા કરતા નીકળવુ નહી.

૧૮. હોસ્ટેલની અંદર બહારની કોઈપણ વ્યકિત લાવવી એ માન્ય નથી. તમારા માતા-પિતા ને મળવું હોય તો હોસ્ટેલ ના રેકટર કે સંચાલકની મંજુરી લેવી ફરજીયાત છે. તમારા અને એના આધારકાર્ડની ચકાચણી કર્યા બાદ જ અંદર એન્ટ્રી આપવામાં આવશે બાકી આપ હોસ્ટેલની બહાર મળી શકો છો.

૧૯. હોસ્ટેલમા એડમિશન લઈ લીધા પછી તમારે ઘરે જવાનું થાય કે બહાર જમવા જવાનું હોય તો આપ હોસ્ટેલ ના રેકટર કે સંચાલકને જાણ કરશો.

૨૦. હોસ્ટેલની અંદર લેપટોપ અને મોબાઈલ ફોન સિવાય કોઈપણ પ્રકારની ઈલેકટ્રીક વસ્તુ વાપરવાની મનાઈ છે. જો કોઈપણ વસ્તુ પકડાશે તો જપ્ત કરી લેવામાં આવશે.

૨૧. દરેક વ્યકિતએ પોતાના બુટ-ચંપલ રૂમની બહાર રાખેલ રેકમાં જ મુકવા રૂમમાં રાખવાની સખત મનાઈ છે. પછી એ નવા હોઈ કે જુના સસ્તા હોઈ કે મોઘાં.

૨૨. હોસ્ટેલની અંદર લાઈટ જતી રહે કે પીવાનું પાણી આવતુ બંધ થઈ જાય તો હોસ્ટેલ સંચાલક કે રેકટરને જાણ કરવી.

૨૩. કામ સીવાય બીજાના રૂમમાં જવાનું ટાળવુ.

૨૪. આપ બીજાના રૂમમાં જશો અને આજુબાજુના રૂમ વાળાને પ્રોબ્લેમ થશે તો તમને તમારા રૂમ સીવાય બીજાના રૂમમાં જવા માટે પ્રતિબંધ લગાવવામાં આવશે.

૨૫. હોસ્ટેલમાં રેહતા બીજા કોઈ વ્યકિત સાથે કે હોસ્ટેલ સંચાલક કે રેકટર સાથે કોઈપણ પ્રકારની ગેરવર્તણુક આપ કરશો તો આપનું એડમિશન કેન્સલ કરવાની સત્તા હોસ્ટેલ સંચાલક પાસે છે જો આ બાબતમાં તમારૂ એડમિશન કેન્સલ થયુ તો ભરેલ ફી પાછી આપવામાં આવશે નહીં ફકત ડિપોઝીટ જ પરત કરવામાં આવશે.

## ★ ડિપોઝિટ પાછી મેળવવા માટે ધ્યાનમાં રાખવા જેવી બાબતો:

૧. ડિપોઝીટ રીફંડ લેવા માટે તમે જેટલા મહિના હોસ્ટેલમાં રહ્યા એટલા મહિનાની ફી રસીદ (હાર્ડ કોપી) બધી તમારી પાસે હોવી જરૂરી છે.

૨. તમે હોસ્ટેલ છોડવાના છો એ માહિતી તમારા **WhatsApp** નંબર પરથી હોસ્ટેલ સંચાલકના **WhatsApp** નંબર પર **MSG** દ્વારા પ્રથમ મહિને ૧૫ દિવસ અગાઉ અને પછીના મહિનામાં ૧૦ દિવસ અગાઉ મોકલવાની રહેશે.

૩. અને એ **MSG** માં તમારુ આખુ નામ, તમારો રૂમ નંબર, તમારી હોસ્ટેલ છોડવાની તારીખ અને જો શકય હોઈ તો હોસ્ટેલ છોડવાનુ કારણ લખી અને મોકલવાનું રહેશે.

૪. ફોન કોલ કે રૂબરૂમાં જાણ કરેલ માન્ય ગણાશે નહી.

૫. તમને હોસ્ટેલ તરફથી આપવામાં આવેલ તમામ ચીજ વસ્તુઓની ચકાચણી થયા બાદ જ ડિપોઝીટ તમારા ખાતામાં નાખવામાં આવશે.

૬. તમે હોસ્ટેલ ખાલી કરો ત્યારે હોસ્ટેલ સંચાલક કોઈ કારણોસર જો હાજરના હોય તો તમારા ખાતા નંબર કે ફોન પે, ગુગલ પે નંબર એ રસીદ પાછળ લખી અને એ રસીદ હોસ્ટેલ રેકટર ને આપવાની રહેશે.

૭. એડમિશન કેન્સલ થયા પછી તેજ દિવસે તમારો બધો સામાન હોસ્ટેલમાંથી લઈ લેવો. એડમિશન કેન્સલ પછી પણ તમારો કઈપણ સામાન હસે તો એક દિવસના ૩૦૦ રૂપિયા ચાર્જ લેવામાં આવશે અને જયાં સુધી ચાર્જ જમા નહીં કરો ત્યા સુધી તમારો સામાન આપવામાં આવશે નહી.

☐ **ઉપર આપેલ તમામ નિયમો અને બાબતો મે વાંચ્યા છે અને એ નિયમોનું સંપુંણ પણે હું પાલન કરીશ અને દરેક બાબતોને યાદ રાખીશ એ વિશ્વાસ આપ્યા પછી હું નીચે મારી સહી કરૂ છું.**

**GANDHINAGAR | SARGASAN**

Student Signature